# એકમ–14 વ્યક્તિ અભ્યાસ (CASE STUDY)

: રૂપરેખા :

**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** વ્યક્તિ અભ્યાસ

**14.2.1** વ્યાખ્યા

**14.2.2** લક્ષણો

**14.2.3** મહત્ત્વ

**14.2.4** ઉપયોગો

**14.2.5** લાભો, ગેરલાભો અને મર્યાદાઓ

**14.3** વ્યક્તિ અભ્યાસ માટે યોગ્ય સંશોધન પ્રશ્ન

**14.4** વ્યક્તિ અભ્યાસમાં સંશોધન રચના

**14.4.1** વ્યક્તિ અભ્યાસ માટે પદાર્થની પસંદગી : આવશ્યક સાવચેતીઓ

**14.4.2** માહિતીના સ્ત્રોતો

**14.5** વ્યક્તિ અભ્યાસ પધ્ધતિમાં સમાવેશ થતા તબક્કા

**14.5.1** સંશોધક માટે આવશ્યક કૌશલ્ય

**14.6** વ્યક્તિ અભ્યાસ અને વ્યક્તિ કાર્ય

**14.7** વ્યક્તિ અભ્યાસ અને અન્ય પધ્ધતિઓ

**14.8** સારાંશ

**14.9** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**14.10** ચાવીરૂપ શબ્દો

**14.11** સંદર્ભો અને વિશેષ વાચન

## 14.0 ઉદ્દેશો (OBJECTIVES)

- **આ એકમના અધ્યયન બાદ તમે આ બાબતોથી સમક્ષ બનશો :**
- સંશોધનની વ્યક્તિ અભ્યાસ પધ્ધતિનો અર્થ સમજશો;
- વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ હાથ ધરવામાં સમાવેશ થતાં તબક્કા, કાર્યપધ્ધતિ અને સ્રોતનું ચિત્રાંકન કરવું;
- સંશોધનની અન્ય પધ્ધતિઓ સાથે વ્યક્તિ અભ્યાસ વચ્ચેનો સંબંધ જાણવો; અને
- ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ પધ્ધતિને પ્રયોજવી.

## 14.1 પ્રસ્તાવના (INTRODUCTION)

વ્યક્તિ અભ્યાસ પદ્ધતિએ સામાજિક સંશોધનની અગત્યની પધ્ધતિ છે. આ પધ્ધતિનો સમાજશાસ્ત્ર, શિક્ષણ, રાજયશાસ્ત્ર, જાહેર વહીવટ, સંચાલન અને મનોવિજ્ઞાનમાં વ્યાપક ઉપયોગ થાય છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન તેમાં બાકાત રહેલ નથી.

ફ્રેન્ચ સમાજસુધારક, ફ્રેડરીક લેપ્લે (1806-1882) અને ડો. વિલિયમ હિલે આ પધ્ધતિના વફાદાર હિમાયતી હતા. વ્યક્તિ અભ્યાસ એ કોઈ એક સામાજિક એકમનો ઊંડાણપૂર્વકનો સઘન અભ્યાસ છે. કોઈ એક ઘટના વિશે સૂક્ષ્મજ્ઞાન પુરું પાડવા માટે સંશોધનમાં સર્વન્મુખી પ્રતિભાયુક્ત પ્રયુક્તિ તરીકે

તેને માન્ય ગણવામાં આવે છે જે અન્ય પધ્ધતિઓમાં સરખાવવું મુશ્કેલ છે. આ પધ્ધતિને શું થઈ રહ્યું છે, તે શા માટે થઈ રહ્યું છે અને તેને અંગે શું થઈ શકે તેની નિદાનલક્ષી શોધ કરવા માટે પણ સ્વીકારવામાં આવે છે. વધુમાં તે સામાજિક પ્રક્રિયાના જટિલ અવયવોને સ્પષ્ટ કરવામાં તથા આંતરિક સંબંધોની સાથે ક્રમ નક્કી કરવાનું શક્ય બનાવે છે.

## 14.2 વ્યક્તિ અભ્યાસ (CASE STUDY)

### 14.2.1 વ્યાખ્યા (Defination)

ચાલ્સ એચ. કુલે કહે છે કે " વ્યક્તિ અભ્યાસ ગ્રહણશક્તિ ઊંડી બનાવે છે અને જીવનમાં સુક્ષ્મજ્ઞાન આપે છે. " પૌલિન યંગ અભિપ્રાય આપે છે કે, "તે તપાસ અને સમાજનો એક એકમ જે વ્યક્તિ, કુંટુંબ, સંસ્થા, સંસ્કૃતિ જૂથ અથવા સમગ્ર સમૂહના હોય તેના જીવનના પૃથક્કરણની પધ્ધતિ છે." ગુડ અને હટ કહે છે કે, "વ્યક્તિ અભ્યાસ એ સામાજિક માહિતીને સંગઠિત કરવાની રીત છે જેથી અભ્યાસ કરવામાં આવતી સામાજિક વસ્તુના એક જ પ્રકારના લક્ષણોનો સંગ્રહ કરી શકાય છે." એફ. એલ. વ્હીટનેના મત પ્રમાણે "વ્યક્તિ અભ્યાસ એ વ્યક્તિગત વિષયની સ્થિતિના સંબંધમાં તેના સંપૂર્ણ વ્યક્તિત્વના વિશિષ્ટ તબક્કાના નિયમોનું પૃથક્કરણ અને સંપૂર્ણ અહેવાલ છે " બીજો એક સમાજશાસ્ત્રી વ્યક્તિ અભ્યાસની તુલના સ્પોટલાઈટ અથવા સૂક્ષ્મદર્શક યંત્ર તરીકે કરે છે. જે સામાજિક અસ્તિત્વ ધરાવતા એકમો જેવા કે સંસ્થાઓ, કાર્યજૂથ, પ્રસંગો અને ભૂમિકા અથવા સંબંધોની એક અથવા વધુ દાખલાઓ પસંદ કરે છે તેની સાથે સરખામણી કરે છે. દરેક વ્યક્તિ અભ્યાસ માહિતી સંગ્રહની વિવિધ તકનીકો જેવી કે વહીવટી નોંધો અને દસ્તાવેજોનું પૃથક્કરણ, ઊંડાણપૂર્વકની મુલાકાત, સંગઠિત મુલાકાત વગેરેનો ઉપયોગ કરી અભ્યાસ કરે છે.

ઉપર દર્શાવેલ વ્યાખ્યાઓ વ્યક્તિ અભ્યાસ સમાજના કોઈ એક ખાસ એકમનો કોઈ ચોક્કસ ઐતિહાસિક સમયગાળાનો સમગ્ર રીતે ગતિશીલતા સમજાવવા પ્રયત્ન કરે છે તેવું સૂચવવા તરફ દોરી જાય છે. વ્યક્તિ અભ્યાસો ઔદ્યોગિક એકમો, સેવા એકમો અને સંસ્થાઓના આયોજન સહિત નીતિ અને કાર્યરીતિના એકસૂત્રીકરણમાં પણ ઉપયોગી છે. વ્યક્તિ અભ્યાસ એક સંશોધન વ્યૂહ તરીકે પ્રસંગોની એક કરતાં વધુ યથાર્થ પરિસ્થિતિનું સઘન વર્ણન પૂરું પાડવાના વાહન તરીકે સ્વીકારવામાં આવે છે જે અન્ય સંશોધન વ્યૂહ જેવા કે સર્વે પધ્ધતિ અથવા પ્રયોગ પધ્ધતિ દ્વારા પુરું પાડવું શક્ય નથી.

સામાજિકશાસ્ત્રોની અન્ય વિદ્યાશાખાઓની જેમ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં વ્યક્તિ અભ્યાસના સંખ્યાબદ્ધ ઉદાહરણો છે. વ્યક્તિઓ અને સંસ્થાઓ ઉપરના વ્યક્તિ અભ્યાસઓનો હેતુ અપરિવર્તનશીલ અચલ હકીકતો શોધી કાઢવાનો હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ અભ્યાસો સંચાલકીય પ્રશ્નોના ઉકેલ માટે મદદરૂપ હોય છે અને સંશોધકને નવી માહિતી સેવાઓના આયોજન અથવા અગાઉની સેવાઓના નવીનીકરણ શક્ય બનાવવામાં મદદરૂપ થાય છે.

### 14.2.2 લક્ષણો (Characteristics)

વ્યક્તિ અભ્યાસ પધ્ધતિના કેટલાક અગત્યના લક્ષણોની યાદી નીચે આપવામાં આવી છે.

- વ્યક્તિ અભ્યાસ એ સામાજિક એકમનો ઊંડાણપૂર્વકનો / વિગતવાર અને ખાસ તકેદારી પૂર્વકનો અભ્યાસ છે;
- તે ગુણાત્મક પૃથક્કરણની એક પધ્ધતિ છે;
- તે વધુ વ્યાપ ધરાવતો અભ્યાસ છે;

- આ અભ્યાસમાં તમામ ચલ અને લક્ષણોને એકબીજા સાથે જોડવામાં આવે છે;
- વ્યક્તિ અભ્યાસમાં પસંદ કરવામાં આવતા એકમોમાં વ્યાપક વૈવિધ્ય માટે પરિવર્તનો હોય છે;
- તે એકમોને સમગ્રરીતે ‘ટકાવી રાખે છે અર્થાત્ સમાજના કોઈ એક એકમને સમગ્ર એકમ તરીકે જોવાનો અભિગમ છે;
- વ્યક્તિ અભ્યાસમાં જટિલ લક્ષણોનો અભ્યાસ કરવામાં આવે છે; અને
- લક્ષણો એ અભ્યાસની વિષય વસ્તુ છે.

### 14.2.3 મહત્વ (Importance)

વ્યક્તિ અભ્યાસ પધ્ધતિએ ઘણી રીતે મહત્ત્વની છે. તે પૈકીના કેટલાકની યાદી નીચે આપવામાં આવી છે.

- તે માન્ય પ્રમાણિત ઉત્કલ્પના(ઓ)ના એકસૂત્રીકરણમાં મદદ કરે છે;
- પ્રશ્નાવલિ અને કાર્યક્રમની રચનામાં તેનું વિશાળ મૂલ્ય હોય છે;
- વૈવિધ્યતાયુક્ત એકમો શોધી કાઢવાં;
- તેના સ્વરૂપમાં ખાસ તકેદારી હોય છે; અને
- તે ખૂબ જ વ્યાપકતા ધરાવે છે.

### 14.2.4 ઉપયોગો (Uses)

- તે અભ્યાસના એકમ વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવામાં મદદ કરે છે અને નવા વિચારો અને આગળ સંશોધનો માટે ચાવીરૂપ શબ્દો આપે છે.
- પૃથક્કરણના સાધન તરીકે તે લક્ષણોની વૈવિધ્યતા અને સંખ્યા નક્કી કરવામાં, ખાસ વિશિષ્ટ ઉદાહરણમાં ગુણવત્તા અને ટેવોને મર્યાદિત રાખવામાં મદદ કરે છે;
- અવલોકન માટેના નમૂનાની ખાસિયતો ઓળખવામાં મદદ કરે છે;
- વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ ગ્રહણશક્તિ ઊંડી કરવાની રીત બતાવે છે અને જીવનચરિત્રો સમજવા મા’ની આંતરદ્રષ્ટિને વધુ તીક્ષ્ણ બનાવે છે; અને
- ઘણીવાર તે નવા ઉચ્ચસ્તરીય અર્થઘટનો કરવા માટે ઉપયોગી છે.

### 14.2.5 લાભો, ગેરલાભો અને મર્યાદાઓ (Advantages, Disadvantage and Limitations)

**લાભો (Advantages)** : વ્યક્તિ અભ્યાસ એ ઊંડાણપૂર્વક અને નિદનાત્મક અભ્યાસ છે. તે એક ઉપયોગી સંશોધન તકનીક હોવાનો દાવો કરે છે. સામાજિક વિજ્ઞાનમાં ઘણા સંશોધક નિષ્ણાંતોએ વ્યક્તિ અભ્યાસ સંશોધનના મહત્ત્વનું મૂલ્યાંકન કરેલ છે. વ્યક્તિ અભ્યાસના કેટલાક વિશિષ્ટ લાભો નીચે મુજબ છે.

- સામાજિક એકમની સમગ્ર જીવનકાળની ખાસ તકેદારીપૂર્વક સૂક્ષ્મ તપાસ કરવામાં મદદ કરે છે અને સામાજિક એકમ ઉપર અસર કરતાં હોય તેવા જટિલ કારણોનું પૃથક્કરણ કરે છે.
- વ્યક્તિ અભ્યાસના ડેટા તાદશ્ય આત્મસાત થયેલ તથા વ્યક્તિના વર્તન અને મૂલ્યોને પુનઃપ્રતિપાદિત કરે છે.
- વ્યક્તિ અભ્યાસ સામાજિક એકમ વિશેની તમામ બાબતો અને સામાજિક એકમ સાથે જોડાયેલ ટેવોની વિવિધતા, લક્ષણો અને ગુણવત્તા સમજવામાં સુવિધા પૂરી પાડે છે.

- વ્યક્તિ અભ્યાસ એકમના વિકાસ, સમૂહનું માળખું તથા વ્યક્તિગત જીવનની લઢણોની વિગતવાર માહિતી સુરક્ષિત કરવામાં મદદ કરે છે.
- વ્યક્તિ અભ્યાસ દ્વારા વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો સારી રીતે બહાર લાવી શકાય છે.
- વ્યક્તિ અભ્યાસો રોગનિવારક અને વહીવટી હેતુઓ માટે અતિ આવશ્યક છે.
- નમૂનાઓનું એક નમૂના સાથે સામાન્યયીકરણ કરવું સરળ બને છે અને ઉપચાર માટેની ક્રિયાઓનું આયોજન તૈયાર કરવામાં મદદ કરે છે.
- વ્યક્તિ અભ્યાસ તુલના, વર્ગીકરણ અને પૃથક્કરણ અને વધુ સંશોધન માટે ઉત્કલ્પનાના એકત્રિકરણને અનુસરે છે.

**ગેરલાભો (Disadvantages)**

વ્યક્તિ અભ્યાસના થોડાક ગેરલાભો સંશોધન નિષ્ણાતોએ દર્શાવ્યા છે જે નીચે મુજબ છે.

- માળખાયુક્ત પરિસ્થિતિઓ જેમાં અગત્યના ચલ ઓળખી કાઢવામાં આવ્યા હોય ત્યાં આ પધ્ધતિ અપર્યાપ્ત છે.
- ઘણીવાર તેમાં ધારણા કરવામાં આવે છે કે વ્યક્તિના ભૂતકાળના અનૂભવોએ અથવા ભૂતકાળની પરિસ્થિતિમાં થયેલ બનાવોએ અંતિમ પરિણામો લાવવામાં યોગદાન આપેલ છે.
- જ્યારે ભૂતકાળમાં શું બન્યુ હતું તે બાબત બીજાઓની સ્મૃત્તિ ઉપર આધારિત હોય છે, જેમાં વ્યક્તિની સ્મૃતિમાં ભૂલો રહેવાનો અવકાશ રહેલ છે.
- સામાન્યરીતે બિન ઈચ્છનીય ગુણોને વધુ ભાર આપવામાં આવતો હોય છે જે વિશિષ્ટ પરિસ્થિતિમાં પરિણામે છે.
- કેટલીકવાર કેટલીક પરિસ્થિતિમાં સંપૂર્ણ માહિતીના અભાવે વિક્ષબ્ધ બની જવાની શક્યતા હોય છે.

**મર્યાદાઓ (Limitations)**

વ્યક્તિ અભ્યાસ પધ્ધતિનો કેટલાક કારણોસરનો વિવેચનાત્મક બનવા પામેલ છે. વ્યક્તિ અભ્યાસની પ્રમાણભૂતતા અને તેના મૂલ્યો સંદર્ભમાં સંખ્યાબંધ ચર્ચાઓ થવા પામેલ છે. છતાં હજુ પણ આ પધ્ધતિ સામાજિક સંશોધન ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે. મર્યાદાઓ પૈકી નીચેની કેટલીક વ્યક્તિ અભ્યાસની સામાન્ય મર્યાદાઓ નીચે મુજબ છે.

- વ્યક્તિગત સાર્વત્રિક અને કોઈ એક બનાવના સામાન્ય લક્ષણો પુરી પાડતી નથી.
- થોડાક નમૂનાઓના અભ્યાસ બાદ સંશોધક માટે સામાન્ય નિયમ તારવવાનું વલણ હોય છે જે તમામ પરિસ્થિતિ માટે સુસંગત ન હોઈ શકે.
- એકમાત્ર અને સાર્વત્રિક પ્રસંગો જેની ભાગ્યે જ સરખામણી થઈ શકે તેને વધુ પડતો ભાર આપવાનું વલણ હોય છે.
- વિષયલક્ષી સંગ્રહિત કરેલ ડેટા જેની સંખ્યાત્મક ચકાસણી થઈ શકતી નથી.
- કેટલાક કિસ્સાઓમાં સમય લેનાર, ખર્ચાળ અને નાણાંનો દુરવ્ય કરનાર પધ્ધતિ છે.
- કેટલીકવાર વ્યક્તિ અભ્યાસ બિનનપધ્ધતિસર અને બિનનિયત્રિત હોય છે

અને કેટલાક નમૂનાઓમાં તારવેલ સામાન્ય નિયમો ચોકસાઈવાળા નથી હોતા.

- ઘણીવાર સંશોધનના મૂળભૂત સિદ્ધાંતોને અવગણવાનું પ્રલોભન જોવા મળે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો (Self Check Exerecise)**

1 વ્યક્તિ અભ્યાસ પધ્ધતિની સાર્થકતા સમજાવો.

નોધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

(2) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

## 14.3 વ્યક્તિ અભ્યાસ માટે યોગ્ય સંશોધનપ્રશ્ન (RESEARCH PROBLEM APPRO PRIATE FOR A CASE STUDY)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં વ્યક્તિ અભ્યાસો વિવિધ કક્ષાના ગ્રંથાલય ઉપભોક્તા, ગ્રંથાલય કર્મચારીઓ, રાષ્ટ્રીય અને બાળગ્રંથાલયો સહિત જાહેર ગ્રંથાલયો અને શૈક્ષણિક, સંશોધન જેવા, સંસ્થાકીય ગ્રંથાલયોને આવરી લે છે. અત્રે સ્પષ્ટરીતે સમજવું જોઈએ કે વ્યક્તિ અભ્યાસો વ્યક્તિગત અથવા જૂથની પરિસ્થિતિનું નજદીકથી પરીક્ષણ કરવા અનુમતિ આપે છે. જે અન્ય પધ્ધતિઓ અનુમતિ આપવા તૈયાર નથી. ગ્રંથાલય, સામાજિક જવાબદારી સાથે પ્રતિજ્ઞાબધ્ધ થયેલ સામાજિક સંસ્થા છે. વ્યક્તિ અભ્યાસ અભિગમ, તેમનું સામાજિક નિયંત્રણ, કામગીરી અને સમાજ ઉપર અસર વગેરે યોગ્ય અભિગમ છે. તેને સંબંધિત પ્રશ્નોની શોધ કરે છે. વિષયમાં સંખ્યાબંધ સંશોધકોએ વ્યક્તિ અભ્યાસ અભિગમ પ્રયોજ્યા છે અને જુદા જુદા પ્રમાણમાં સફળતા પ્રાપ્ત કરી છે.

બુસા હાર્ટરના મત પ્રમાણે વ્યક્તિ અભ્યાસ ખાસ કરીને એક જ વિષય વસ્તુની શોધ કરવા માટે વ્યાપક માહિતી એકત્રિત કરવા માટે યોગ્ય છે અને કોઈ એક ઘટના ઉપર એકાગ્રતા મેળવવા અને માહિતી એકત્રિકરણની પધ્ધતિઓની વિશાળ પંક્તિઓનો ઉપયોગ કરવા અનુમતિ આપે છે. કેટલીકવાર વ્યક્તિ અભ્યાસમાં વિવિધ પ્રકારની માહિતી એકત્રિત કરવા મુલાકાત પધ્ધતિ સહિત પ્રશ્નાવલિ, કાર્યક્રમ અને અવલોકન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. વ્યક્તિ અભ્યાસ યુનિવર્સિટી ગ્રંથાલય જેવી સંસ્થાના અભ્યાસ માટે, ગ્રંથાલયની વૃદ્ધિ અને વિકાસ માટે વ્યક્તિઓના પ્રદાનનું મૂલ્યાકંન કરવા, સંગ્રહિત સ્રોતનો મહત્તમ ઉપયોગ કરાવવા માટેની યોજનાના અભ્યાસ માટે પણ ઉપયોગી છે.

વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ "કેવી રીતે" અને "શા માટે" જેવા પ્રશ્નો માટેના પ્રતિભાવના ઉકેલ માટે વધુ સુયોગ્ય છે. જો સંશોધન સાંપ્રત પ્રશ્નો ઉપર કેન્દ્રિત હોય તો તેને માટે પણ તે યોગ્ય છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં સૌથી અગત્યના સાંપ્રત પ્રશ્નો જેનો ઉકેલ વ્યક્તિ અભ્યાસ દ્વારા મેળવી શકાય તે આ પ્રમાણે છે :

- ગ્રંથાલય ઓટોમેશન;
- ગ્રંથાલય અને માહિતી સેવાઓ ઉપર માહિતી પ્રૌદ્યોગિકીની અસર;
- ગ્રંથાલય સહભાગીદારી સંઘ (Library Consortia)ની કામગીરી;
- ઈન્ફલીબનેટની વૃધ્ધી અને વિકાસ;

- ગ્રંથાલય વ્યવસાયિકોનો ગ્રંથાલય સંત્રીથી માર્ગદર્શક તરીકેનો વિકાસ;
- માહિતી કૌશલ્યની વૃધ્ધિ અને વિકાસ; અને
- માહિતી સમાજમાં માહિતી સાક્ષરતા વગેરે.

વધુમાં વ્યક્તિ અભ્યાસ અન્ય શોધ વ્યૂહની જેમ સંશોધનના તમામ ક્ષેત્રો અને પાસ કરવાના, વર્ણન કરવાના અને સમજૂતિ આપવાના તમામ હેતુઓ માટે પ્રયોજી શકાય છે. વ્યક્તિ અભ્યાસ બેવડા હેતુ પાર પાડે છે. જ્યારે એક નમૂનાનું સઘન સંશોધન કરવામાં આવે ત્યારે ઘણીવાર આપેલ ક્ષેત્રના સામાન્ય જ્ઞાન વધારવાના હેતુ માટે બની જાય છે, કદાચ ઘણીવાર ન પણ બને પરંતુ કોઈ એક પરીક્ષાર્થે લીધેલ ઉદાહરણમાં પ્રાયોગિક રીતે સુધારો કરવાના અંતિમ હેતુ માટે તે હાથ ધરવામાં આવે છે. અને આકસ્મિક રીતે ફક્ત સામાન્યજ્ઞાનમાં વધારો કરવામાં પ્રદાન કરે છે. એક સંશોધન પધ્ધતિ તરીકે તે વૈજ્ઞાનિક પ્રશ્નોના ઉકેલમાં કેવી રીતે મદદ કરે છે તેના સંદર્ભેમાં તેનું પરીક્ષણ કરવામાં આવે છે.

## 14.4 વ્યક્તિ અભ્યાસમાં સંશોધન યોજના (RESEARCH DESIGN IN CASE STUDY)

વ્યક્તિ અભ્યાસ સંશોધન કરવાની સફળતા મહદ્અંશે સ્પષ્ટ સંશોધન યોજના ઉપર આધારિત હોય છે. આપણે જાણીએ છીએ કે, સંશોધન યોજનાએ કાર્યનું આયોજન અથવા સંશોધનનો કાચો નકશો છે જે સંશોધકને સરળતાથી આગળ વધવા અને અપેક્ષિત પરિણામો મેળવવામાં માર્ગદર્શન આપે છે. તે શોધપ્રશ્નોને જોડતા અનુભવ આધારિત માહિતી અને તેનો આખરી નિષ્કર્ષ મેળવવામાં મદદ કરે છે. યીન (1994) ના મત પ્રમાણે વ્યક્તિ અભ્યાસ સંશોધન યોજનાના નીચેના અંગો વિભાગો ધરાવે છે.

1. પદોના સંદર્ભમાં અભ્યાસના પ્રશ્નો કોણ, શું, ક્યાં, કેવી રીતે અને શા માટે,

   આ અંગો સંશોધન વ્યૂહના પ્રકાર માટેના ચાવીરૂપ શબ્દો પૂરા પાડવાનું સૂચવે છે. જેનો ઉપયોગ વ્યક્તિ અભ્યાસ સંશોધનમાં કરી શકાય છે.

2. તેનું વિધાન (જે હોય તે)

   અભ્યાસ વિધાન નજદીકથી પરીક્ષણ કરવાનું હોય તેવી બાબતો તરફ સંશોધનને લઈ જવા ધ્યાન દોરે છે. આ બાબત બાકી રહેતી માહિતી એકત્રિત કરવામાં અને માહિતી ક્યાંથી પ્રાપ્ત થશે તે પૂરી પાડી સંશોધનને સાચી દિશામાં માર્ગદર્શન આપશે.

3. તેના પૃથક્કરણનો એકમ,

   તે નમૂનો શું છે તે વ્યાખ્યાયિત કરવામાં અને વધુમાં પ્રશ્નને નિશ્ચિત કરવા તરફ ધ્યાન દોરવામાં મદદ કરે છે.

4. માહિતીનું વિધાન સાથે તાર્કિક જોડાણ 'નમૂનો મેળવણી અભિગમ' અને

   આ બાબતનો વ્યક્તિ અભ્યાસમાં ઉપયોગ થાય છે. આ અભિગમ એક જ નમૂનામાંથી માહિતીના કેટલાક ટૂકડાને સાથે મૂકવામાં અને કેટલાક સૈધ્ધાંતિક વિધાન સંબંધીત માહિતી સાથે મૂકવામાં મદદ કરે છે.

5. નિષ્કર્મના અર્થઘટન માટેના અર્થઘટન માટેના માનાંક,

   વ્યક્તિ અભ્યાસના નિષ્કર્મોને ચોક્કસ રીતે અર્થઘટન કરવાની કોઈ રીત નથી. નમૂનામાં કેટલાક પ્રકારની માહિતી જેવી કે આંકડાકીય માહિતી તેની પ્રમાણભૂતતા માટે અથવા વિસંગિત માટે પરીક્ષણ કરી શકાય જેવી કે સ્વતંત્ર અને આધારિત ચલ, તેમના સંબંધનું પૃથક્કરણ કરી શકાય. જ્યારે સામયિક, શ્રેણીની સંખ્યાત્મક માહિતીનું પૃથક્કરણ તેના વલણ માટે કરી શકાય. તેમ છતાં સંખ્યાત્મક માહિતીનું અર્થઘટન નવીન મહાવરાઓના વિચારોનો સંબંધ હોવો જરૂરી છે. આંકડાકીય માહિતી વચ્ચેના સંબંધનું સ્વરૂપ જેવું કે ધન અને ઋણ, કદાચ એક માપદંડ અને બીજાના સંદર્ભમાં તેની બીજા ઉપર અસર જેવી કે ક્રમિક, ચક્રીય, એક સરખી અને સમય દર્શક હોઈ શકે.

માહિતી એકત્રિકરણ અને પૃથક્કરણ માટે યીન બે વૈકલ્પિક વ્યૂહ સૈધ્ધાંતિક વિધાન આધારિત વ્યુહ અને નમૂનાનું વર્ણન વિકસાવવા માટેનો વ્યૂહ સૂચવે છે. સમગ્ર પ્રક્રિયાનો અંતિમ ભાગ જે સંશોધનનું અંતિમ ઉત્પાદન છે આ રીતે તૈયાર કરેલ તે અહેવાલ સંશોધકના ક્ષેત્રમાં પ્રદાન શ્રોતાઓ અથવા વાચકોને પ્રદર્શિત કરે છે.



### 14.4.1 વ્યક્તિ અભ્યાસ માટે હેતુ પસંદગી : આવશ્યક સાવચેતીઓ (Selection of an Object for a Case Study : Essential Precautions)

તે સુવિદિત છે કે નમૂનો અભ્યાસના એકમનો સંદર્ભ આપે છે. એકમ એ કુટુંબ અથવા સામાજિક જૂથ વ્યક્તિઓનો વર્ગ, સંબંધ ધરાવતો ગણ અથવા પ્રક્રિયા હોઈ શકે તેમ સમજવામાં આવે છે. વ્યક્તિ અભ્યાસ માટે વસ્તુની પસંદગી કરતી વખતે કેટલીક સાવચેતીઓ રાખવી જરૂરી છે.

- નમૂનારૂપ અને પ્રતિનિધિત્વ એકમની પસંદગી કરવી;
- પરિસ્થિતિ અને પ્રશ્નોને ઓળખવા;
- આવરી લેવામાં આવતો સમય - જીવનચક્રનો તબક્કો નક્કી કરવો;
- નમૂનાના એકરૂપ લક્ષણ - ડેટાની વિશાળતા, ડેટાનું સ્તર, પાસાં અને પ્રકારનો ઉપયોગ;
- ડેટાની ગુણવત્તા;
- ડેટાની પ્રાપ્તતા અને વિશ્વસનીયતા;
- સંભવિત ખર્ચ;
- વાપરવામાં આવતો સમય. (સંશોધન માટેનો સમય);
- સંશોધકની હિંમત, રસ, કૌશલ્ય અને સંશોધનમાં તાલીમ; અને
- વ્યક્તિ અભ્યાસનું પુનરાવર્તન થવાની સંભાવના.

આ સાવચેતીઓની કાળજીપૂર્વક નોંધ સંશોધકે સફળતાપૂર્વક વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ હાથ ધરતા પહેલાં લેવી જોઈએ.

### 14.4.2 માહિતીનો સ્રોત (Sources of Data)

વ્યક્તિ અભ્યાસ કોઈ એક માહિતી સ્રોત ઉપર મર્યાદિત નથી. તેઓ સંખ્યાબંધ સ્રોત પ્રયોજે છે. વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ માટે નીચેના કેટલાક માહિતી સ્રોત ઓળખી કાઢવામાં આવ્યા છે.

- જીવનનો ઈતિહાસ;
- અંગત નોંધો;
- અંગત પ્રલેખો;
- અંગત પત્રો;
- જાહેર નિવેદનો;
- જીવનચરિત્રો;
- વ્યક્તિઓની મુલાકાતો; અને
- અવલોકનો.

જીવનનો ઈતિહાસ એ વ્યક્તિઓના વાસ્તવિક અનુભવ અને વર્તણૂક પ્રાપ્ત કરવા ઘણો આવશ્યક છે. એકત્રિત કરેલ માહિતીની આડ તપાસ મુલાકાત લેવાથી અને અવલોકન દ્વારા થઈ શકે છે. ટૂંકમાં વ્યક્તિના સમગ્ર જીવનનો અભ્યાસ, પરીક્ષણ અને તપાસ જીવનના ઈતિહાસ, પત્રો, જેમાં દૈનિકનોંધનો પણ સમાવેશ થાય,

અને પત્રવ્યવહારમાંથી થાય છે. વ્યક્તિગત છુપાયેલા રહસ્યો, તેની જીવનશૈલી, વસ્તુઓ અને જીવન જીવવાની પ્રથાનો અભ્યાસ આ સ્રોતમાંથી થઈ શકે છે. આ રીતે વ્યક્તિ અભ્યાસ પધ્ધતિમાં વિશ્વનીયતા અને ચોકસાઈયુક્ત માહિતીના એકત્રીકરણ માટે સંશોધકે વિવિધ સ્રોત અને તકનીકોનો ઉપયોગ કરવો જોઈએ.

- **તમારી પ્રગતિ ચકાસો (Self Check Expercise)**

(2) વ્યક્તિ અભ્યાસના હેતુઓ શું છે ?

(3) વ્યક્તિ અભ્યાસ સંશોધન માટેના ડેટાના વિવિધ સ્રોતની યાદી આપો

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(2) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 14.5 વ્યક્તિ અભ્યાસ પધ્ધતિમાં સમાવેશ થતાં તબક્કા (STEPS INVOLVED IN CASE STUDY METHOD)

સામાન્યરીતે વ્યક્તિ અભ્યાસ પધ્ધતિમાં સમાવેશ થતાં તબક્કા આ પ્રમાણે છે.

- **વર્તમાન સ્થિતિ નક્કી કરવી :** અભ્યાસ માટે પસંદ કરેલ એકમની વર્તમાન સ્થિતિ નક્કી કરવાનું શક્ય બનાવે તેવી માહિતીનો સંગ્રહ કરવો.
- **પશ્ચાદ્ભૂમિકાવર્તી માહિતી સંગ્રહ કરવી :-** સાંપ્રત સ્થિતિની તપાસ તરફ દોરી જાય તેવી માહિતી એકત્રિત કરવી અને સંજોગોનું પરીક્ષણ કરવું તથા સાંપ્રત પરિસ્થિતિમાં શક્ય હોય તો તે પ્રશ્નો અને કારણોની યાદી પણ તૈયાર કરવી.
- **સૂચિત ઉત્કલના(ઓ)નું પરીક્ષણ કરવું :** પશ્ચાદ્ભૂમિકા માટે એકત્રિત કરેલ માહિતીમાંથી દરેક ઉત્કલ્પના અંગેના વિશિષ્ટ પુરાવા એકત્રિત કરવા. વર્તણૂંક જ્યારે બદલાતી જતી હોય ત્યારે પરિસ્થિતિમાં આવતી રૂકાવટને માટે સંશોધક એક જ ઉકેલ મેળવી શકતો નથી.
- **ઉપચારાત્મક પ્રક્રિયા પરિસ્થાપન :** ફેરફાર કરવાથી શું અસર થવા પામેલ છે તેની તપાસ સાંપ્રત પરિસ્થિતિને અનુગામી ભૂલ નિવારણ અથવા સુધારાત્મક કાર્યક્રમને અનુસરવું જોઈએ.

બુશા અને હારટરે (1980) સફળતાપૂર્વક વ્યક્તિ અભ્યાસ હાથ ધરવા માટે નીચેના તબક્કા સૂચવ્યા છે.

- સંશોધનનો પદાર્થ સ્પષ્ટ ઓળખવો અને તેના વિશે જે કંઈ જ્ઞાન ઉપલબ્ધ હોય તેનું તમામ સ્તરે મુદ્દાસર અને સપ્રમાણ વર્ણન આપવું.
- સંશોધનના પદાર્થ વિશેની માહિતી અને સંશોધનનું લક્ષ સંકલિત કરવું અને પૃથક્કરણ કરવું, સંબંધિત પદ અને ચલ વ્યાખ્યાપિત કરવા અને વર્ણન આપવું.
- શોધપ્રશ્નનું વિધાન કરવું અથવા ઉપલબ્ધ માહિતી અને અભ્યાસના શીર્ષક સંબંધિત સૈધ્ધાંતિક માળખા આધારિત ઉત્કલ્પનાઓની રચના કરવી (ઘણીવાર એવું બને અથવા ન પણ બને કે ઉત્કલ્પનાઓના આધારેને બદલે વ્યક્તિ અભ્યાસ માત્ર સંશોધન પ્રશ્ન ઉપર આધારિત હોય; ગમે તે પ્રસંગમાં શોધપ્રશ્નનું સાંપ્રત સૈધ્ધાંતિક જ્ઞાનના સંદર્ભમાં પરીક્ષણ કરવું જોઈએ)

- વસ્તુ (નમૂનો) ની પસંદગી સંશોધન પ્રશ્નના સંદર્ભમાં વિશિષ્ટ પદાર્થ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.
- ત્યારબાદ અભ્યાસના પદાર્થનું કાળજીપૂર્વક અવલોકન કરવામાં આવે છે અને જો અવલોકિત ઘટના સાથે જરૂરી આકસ્મિક પરિબળો જોડાયેલ હોય તો તેને ઓળખવામાં આવે છે.
- જો પૂરતી માહિતી એકત્રિત કરવામાં આવી હોય, ઉત્કલ્પનાનું પરીક્ષણ કેટલીક ચોકસાઈથી માત્રા સાથે કરવામાં આવ્યું હોય; તેમ છતાં સંશોધકો વધુ ચોકસાઈવાળા હોય છે, જ્યારે તેઓ જાણીતો નમૂનો પસંદ કરે અને પરીક્ષણ કરે.(અર્થાત્ એક સરખા પ્રશ્ન વિસ્તારમાં વ્યક્તિ અભ્યાસને અનુસરે.)

### 14.5.1 સંશોધક માટે આવશ્યક કૌશલ્યો (Skills Needed For a Researcher)

નિષ્ણાતો અને સામાજિકશાસ્ત્રોના વિદ્વાન વૈજ્ઞાનિકો સમયાંતરે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે સરળતાથી વ્યક્તિ અભ્યાસ કરવા માટે કેટલાક વિશિષ્ટ કૌશલ્યો જરૂરી છે. તેની યાદી આ પ્રમાણે છે. :

- સારા પ્રશ્નો પૂછનાર અને જવાબોનું અર્થઘટન કરનાર હોવો જોઈએ;
- સારો શ્રાવક હોવો જોઈએ અને પોતાની વિચારસરણી અથવા અગાઉથી ધારેલ વિચાર ઉમેરવો ન જોઈએ અને અવલોકન અને જ્ઞાનેદ્રિયનો ઉપયોગ કરવા શક્તિમાન હોવો જોઈએ;
- ગ્રાહ્યતાવાળો અને લચીલાપણું ધરાવતો હોવો જોઈએ જેથી તે નવી ઉપસ્થિત થતી પરિસ્થિતિને ભયના બદલે ઉપલબ્ધ તક તરીકે જુએ;
- અભ્યાસ કરવામાં આવતા સૈધ્ધાંતિક કે નીતિ વિષયક વિચારો મકક્મપણે ગ્રહણ કરવા જોઈએ. આ પ્રકારની ગ્રહણશક્તિથી વિચારોને પ્રમાણસર નિયંત્રિત રાખી શકાય તે માટે એક સરખા પ્રસંગો અને માહિતી ઘટાડી અલગ તારવી શકાય છે; અને
- સિદ્ધાંતિક બાબતોમાંથી તારવેલ સહિત પૂર્વનિશ્ચિત વલણથી પૂર્વગ્રહ મુક્ત હોવો જોઈએ. આ રીતે વ્યક્તિ વિરોધાભાસી પૂરાવા પ્રત્યે લાગણીશીલ અને પ્રતિભાવક હોવો જોઈએ.

## 14.6 વ્યક્તિ અભ્યાસ અને વ્યક્તિકાર્ય (CASE STUDY AND CASE WORK)

વ્યક્તિ અભ્યાસ અને વ્યક્તિકાર્ય પદોનો ઘણીવાર સામાજિક સંશોધનમાં ઉપયોગ થાય છે. અત્રે અહીં આ બંને પદો વચ્ચેનો ભેદ જાણવો જરૂરી છે. વ્યક્તિ અભ્યાસ એ કોઈ એક ખાસ એકમના તકેદારીપૂર્વકના અભ્યાસનો સંદર્ભ આપે છે જ્યારે વ્યક્તિકાર્ય વિકાસમાન અને અનુરૂપન કાર્યરીતિ પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે, જે નિદાનને અનુસરે છે. અલબત્ત, આ બંને પદો પ્રશ્નના એક જ સરખા અભિગમના જુદા જુદા મુલકો છે, અને આ રીતે પરસ્પર સંબંધીત અને આવશ્યક રીતે એકબીજાને પૂરક છે. જ્યારે એમ.એચ. ગોપાલ કહે છે કે વ્યક્તિ અભ્યાસ ઘણીવાર એક પધ્ધતિ તરીકે અને કેટલીકવાર તકનીક તરીકે અને કેટલીકવાર સામાજિક વાસ્તવિકતાના અભિગમ તરીકે અને પ્રસંગોપાત કેટલાક પસંદ કરેલ એકમોની માહિતીના સંગઠનની રીત તરીકે સમજવામાં આવે છે. વધુમાં તે દર્શાવે છે કે તે હકીકતમાં એક તકનીક છે જે એક પરિસ્થિતિને લગતી અભ્યાસના એકમ, એક વ્યક્તિ, સંસ્થા, જૂથ અને સઘન રીતે તેની શોધ કરવામાં આવતી હોય તેમાં દાખલ કરેલ તમામ બાબતો સ્વીકારે છે.

## 14.7 વ્યક્તિ અભ્યાસ અને અન્ય પધ્ધતિઓ (CASE STUDY AND OTHER METHODS)

સંશોધન પધ્ધતિ તરીકે વ્યક્તિ અભ્યાસ સંશોધનની અન્ય પધ્ધતિઓ સાથે ઊભા રહેવાની સંભાવ્યતા ધરાવે છે. સંશોધનની જુદી જુદી પધ્ધતિઓને ઉચ્ચ અને નીચ તરીકે સ્વીકારવું વ્યર્થ છે, એમ કહેનાર

જ્યોર્જ લુન્ડબર્ગ હતા. તેઓ મત ધરાવે છે કે, ‘‘કોઈ ખાસ હેતુ માટે અથવા સંશોધનના કોઈ એક ખાસ તબક્કે દરેકને પોતાનું ઉત્તમ સ્થાન છે. ’’ તેમનો અભિપ્રાય છે કે ‘‘કોઈપણ પધ્ધતિ જે તેનો હેતુ સિધ્ધ કરે તો, તે હેતુ માટે તે પ્રમાણભૂત છે.’’ વિદ્વાનો સંમત થયા છે કે આંકડાશાસ્રીય પધ્ધતિઓ અને વ્યક્તિ અભ્યાસ વચ્ચે ઘણું એક સરખું જોડાણ છે. તે પરસ્પર આધારિત અને પૂરક છે. સંશોધનના કેટલાક ક્ષેત્રો ખાસ કરીને પૂર્વાનુમાન કરવાનું હોય ત્યારે આંકડાશાસ્રીય તકનીકો વ્યક્તિ અભ્યાસને દૂર કરે છે. કેટલીકવાર વ્યક્તિ અભ્યાસ આંકડાશાસ્રીય અભ્યાસમાં પાછળથી જરૂરી હોય તેવી કાચી માહિતી પૂરી પાડી શકે છે. જ્યારે પ્રશ્નનું સમગ્ર રીતે સામાન્ય ચિત્ર જરૂરી હોય ત્યારે વ્યક્તિ અભ્યાસ દાખલ થાય છે અને આંકડાશાસ્રીય સાધનો, આંકડાકીય માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણ માટે નોકર બની જાય છે.

સમાજશાસ્રના એક જાણીતા વૈજ્ઞાનિકે વિધાન કરેલ છે કે, ‘‘વ્યક્તિ અભ્યાસના એક સ્વરૂપમાંથી જટિલ અને કઠીન આંકડા જે સામાન્ય સર્વેના હોય તેવા બહાર આવે છે ’’ તેમના મત પ્રમાણે સામાન્ય સર્વે એ સર્વે પધ્ધતિનું એક સ્વરૂપ છે વ્યક્તિ અભ્યાસનો પ્રકાર પણ છે. હકીકતમાં વ્યક્તિ અભ્યાસને સુસંગત જરૂરી માત્રામાં ઐકય હોય તેવા સ્વરૂપમાં જરૂરિયાત અનુસાર સંપૂર્ણ અને વિગતવાર આંકડાકીય માહિતીનું એકત્રિકરણ કરવા મુલાકાત કાર્યક્રનો ઉપયોગ કરવામાં આવે છે.તેથી વ્યક્તિ અભ્યાસ પધ્ધતિને સર્વે પધ્ધતિ સાથે દાનિષ્ટ સંબંધ ધરાવે છે.

વ્યક્તિ અભ્યાસ એક સંશોધન પધ્ધતિ તરીકે એક કરતાં વધુ તકનીકોને વારંવાર પ્રયોજે છે. આ રીતે વિકાસની પ્રક્રિયાની નકલ કરવા માટે ઐતિહાસિક પધ્ધતિનો ઉપયોગ કરે છે. જેમાં વાસ્તવિક ચિત્ર આવશ્યક હોય ત્યાં વર્ણનાત્મક પધ્ધતિનો ઉપયોગ કરે છે.માહિતી એકત્રિકરણ માટે તે પ્રશ્નાવલિ, ઓળખ યાદીઓ અને ક્રમ માપદંડ (Rating Scale) ઉપર આધાર રાખે છે અને વર્ગીકરણ અને પૃથક્કરણના તબક્કે તે આંકડાશાસ્ર  સામે જુએ છે. વ્યક્તિ અભ્યાસ માટે એકમોની પસંદગીના સંદર્ભમાં પણ અગાઉ થયેલ વ્યક્તિ અભ્યાસનો અંતિમ પ્રક્રિયા અને સામગ્રીનું પૃથક્કરણ આંકડાશાસ્ર દ્વારા કરવામાં આવે છે. આ રીતે વ્યક્તિ અભ્યાસ પધ્ધતિને જો તેની આંકડાકીય માહિતીને આવૃત્તિ, પ્રકાર, વલણ, એકસૂત્રતા અને નમૂના માટે પ્રદર્શિત કરવી હોય તો આંકડાશાસ્ર વિષય પાસે જવું પડે છે.

સમાજશાસ્ર સંશોધનમાં અધિકૃત એલ.એલ. બર્નાડ તેમના વિચારો વ્યક્ત કરે છે કે, ‘‘નમૂના પધ્ધતિ લગભગ પ્રયોગશાળાની પ્રયોગપધ્ધતિ મળતી આવે છે. અપવાદ એ છે કે સામાજિક નમૂનો જેવી હોય તેવી પરિસ્થિતિ વર્ણવે છે. જ્યારે પ્રયોગશાળાનો નમૂનો કૃત્રિમ નિયંત્રણ નીચે સ્થિતિ વર્ણવે છે. તેથી નિર્ણય કરી શકાય કે વ્યક્તિ અભ્યાસ એ વૈજ્ઞાનિક પધ્ધતિનું પ્રથમ પગથિયું છે અને તે સીધી રીતે આંકડાશાસ્રીય પધ્ધતિ તરફ લઈ જાય છે જે તેના સામાન્યીકરણ - વ્યાપ્તિ માટે આધારની રચના કરે છે, તે કાર્યક્રમ, પ્રશ્નાવલિ તેમજ પ્રાયોગિક અને ઐતિહાસિક પધ્ધતિની ઘણી નજદીક છે.’’

◆ **તમારી પ્રગતિ ચકાસો. (Self Check Exercise)**

(4) વ્યક્તિ અભ્યાસ અને આંકડાશાસ્રીય તકનીકની પૂરક ભૂમિકાની ચર્ચા કરો.

નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

(2) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 14.8 સારાંશ (SUMMARY)

સંશોધન ડેટાને સુરક્ષિત કરવાથી માહિતી અથવા જાહેરાતના હેતુ માટે આગળ વધે છે. તે આકસ્મિક સંબંધો સમજાવવામાં મદદ કરે છે. વ્યક્તિ અભ્યાસ સંશોધન સામાજિક પરિસ્થિતિનું પૃથક્કરણ કેટલાક સિધ્ધાંતોમાં પ્રકાશિત કરવાના પ્રયત્નોનો સમાવેશ કરે છે. જે વ્યક્તિ અભ્યાસ પ્રકાશમાં લાવશે. વ્યક્તિ અભ્યાસ પધ્ધતિની કેટલીક ખામીઓ હોવા છતાં સંશોધન નિષ્ણાતો હજુ પણ તેમના સંશોધનો માટે આ પધ્ધતિનો ઉપયોગ કરે છે.

આ પધ્ધતિની અસરકારતા સુધારવા અને દ્રશ્યમાન ગેરલાભ અને મર્યાદાઓ ઉપર નિયંત્રણ મેળવવા વિખ્યાત સંશોધન નિષ્ણાત જેવા કે કાર્લ રોજર્સ, આલ્ફ્રેડ કિન્સે, જહોન ડોલાર્ડ, ઈલ્ટોન મેયો વગેરે દ્વારા નોંધપાત્ર પ્રયત્નો થઈ રહ્યાં છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં વ્યક્તિ અભ્યાસ પધ્ધતિનો અભ્યાસ સાંપ્રત સંશોધનોમાં દિનપ્રતિદિન વધતો જાય છે. ગુડ અને હટનું દુઃખ છે કે, ‘‘એક વ્યક્તિગત પૃથક્કરણના ફક્ત ગુણગાન કરવાની સામે હજુ પણ આ ફળદાયી અભિગમનો અપર્યાપ્ત માત્રામાં ઉપયોગ થાય છે કારણ કે સાંપ્રત સમયમાં જે સંશોધન કરે છે તે સંશોધન તકનીકોમાં સંશોધન કરે છે.’’ એમ.એચ. ગોપાલ વ્યક્તિ અભ્યાસ પધ્ધતિની સાર્થકતાનો યોગ્ય સારાંશમાં જણાવે છે કે વ્યક્તિ અભ્યાસ પધ્ધતિએ આપેલ સમય નાણાં અને યોગ્ય પ્રકારનો સંશોધક હોય તો વ્યક્તિ અભ્યાસ તકનીક ઉપયોગ થવાની સંભાવ્યતા ખાસ કરીને અલ્પવિકસિત દેશોમાં ઘણી રહેલી છે. જો હેતુપૂર્વક નમૂનાઓ પસંદ કરવામાં આવે, જ્યાં જ્યાં આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરી શકાય અને સઘન રીતે સંશોધન હાથ ધરાય તો સામાન્યીકરણ સૂત્રાત્મક સ્વરૂપે શક્ય બને છે જે પ્રમાણભૂત હોઈ શકે છે. અલબત્ત, તે પ્રતિનિધિ નમૂના કેવા છે. તેના ઉપર આધારિત છે. વ્યક્તિ અભ્યાસ અને આંકડાશાસ્ત્રીય તકનીકનું ડહાપણયુક્ત જોડાણ કદાચ વિશાળ દેશમાં વિવિધ અને પરસ્પર સંબંધિત અસરો વચ્ચે આ સાધન સાર્થક બનાવે છે.

## 14.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1. વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ ઘણા દાયકાઓથી ઉપયોગમાં છે અને તેણે જ્ઞાનમાં નોંધપાત્ર પ્રદાન આપેલ છે. તે આર્થિક રીતે પોષાય તેવો સંશોધન માટેનો વ્યૂહ છે અને ઘટના અને સંશોધનની તે વિશેની કલ્પના વચ્ચેનો અવકાશ દૂર કરનાર સર્વતોમુખી પ્રતિભાવયુક્ત પ્રયુક્તિ છે. વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ જ્યાં સંશોધક શા માટે અને કેવી રીતે ના ઉત્તર જે પરિસ્થિતિમાં આપે ત્યાં સુસંગત છે. જો સંશોધન સાંપ્રત પ્રસંગો ઉપર કેન્દ્રિત હોય તો તેને યોગ્ય તરીકે સ્વીકારવામાં આવે છે.

2. વ્યક્તિ અભ્યાસનો હેતુ એકમોના વર્તણૂકલક્ષી માળખા અંગેના પરિબળોનો ખુલાસો કરવાનો અને તેનો પર્યાવરણ સાથેનો સંબંધ શોધી કાઢવાનો છે. બીજા શબ્દોમાં સંશોધક વ્યક્તિ અભ્યાસ પધ્ધતિનો ઉપયોગ કરીને સામાજિક એકમમાં અસર કરતાં જટિલ પરિબળોને સમજવા પ્રયત્ન કરે છે.

3. વ્યક્તિ અભ્યાસ સંશોધન માટે શક્ય માહિતીસ્રોતો આ પ્રમાણે છે. જીવનનો ઈતિહાસ, તમામ પ્રકારના અંગત દસ્તાવેજ જાહેર નિવેદનો, જીવનચરિત્રો, વ્યક્તિઓની મુલાકાતો લેવી. વ્યક્તિ અભ્યાસો કોઈ એક માહિતી સ્રોત ઉપર મર્યાદિત નથી. તેઓ સંખ્યાબંધ સ્રોતો પ્રયોજે છે.

4. વ્યક્તિ અભ્યાસ અને આંકડાશાસ્ત્રીય તકનીકને હરીફ ગણવામાં આવે છે અને વાસ્તવિક રીતે પરસ્પર બાકાત નથી. વાસ્તવમાં તેઓ પૂરક છે અને બંનેનો એક જ પ્રોજેક્ટમાં સાથે લાભ મેળવવા પ્રયોજવામાં આવે છે. જ્યારે એક વિશાળ માહિતીનું સમક્ષિતિ પૃથક્કરણ કરે છે જ્યારે બીજો નાની સંખ્યામાં વ્યક્તિગત અભ્યાસો હોય અને જ્યારે તમામ એકમો નાના હોય પરંતુ કુલ લક્ષણો - ગુણો વધુ હોય ત્યારે તે સ્તંભાકારે ઊંડાણપૂર્વક અભ્યાસ કરે છે. બંને અભિગમોને તેમની નોંધપાત્ર ભૂમિકા હોય છે.

## 14.10 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**વ્યક્તિ અભ્યાસ (Case Study)** : કોઈ એક ખાસ એકમનું સઘન સંશોધન

**વ્યક્તિ કાર્ય (Case Work)** : વિકાસાત્મક અને સંલગ્ન માનસિક પ્રક્રિયા જે નિદાનને અનુસરે છે.

**સંશોધન યોજના (Research Design)** : કાર્યનું આયોજન અથવા કાચો નકશો

**વિશિષ્ટ ગુણ - લક્ષણ (Trait)** : ચારિત્ર્યમાં જુદા પડતા લક્ષણો.

## 14.14 સંદર્ભો અને વિશેષ વાચન : (REFERENCE AND FURTHER READING)

Budhwar, Pawan and Budhwar, Laxmi (2003). Research Method for Business Studies: Issues and Prespectives, New Delhi : Global Business Press. Pp - 39-50

Busha, Charles H. and Harter, Stephen P(1980). Research Methods in Libraryship : Techniques and Interpretation. New Delhi, Acadmic Press. Pp- 151-54

Gopal, M.H. (1994). An Introduction to Research Procedure in Social Science, Bombay : Asia Publishing House PP - 18492

Krishna Kumar (1992). Research Methods in Library and Information Science. New Delhi :Har Anand Publications.

Lundberg, George A. (1942). Social Research, London _ Longmans

Yin, R.K. (1994) (Case Study Research : Design and Method, California : Thousand OGKS.)

Young, P.V. (1996). Scientific Social Surveys and Research, New Delhi : Prentice Hall